# મંદ લોચન કે કાણું નક્ષત્રઃ હસ્ત




જ્યોતિષશાસ્ત્રની કુંડળી
★નિલેશ મોદી

હસ્ત નક્ષત્રમાં જન્મેલી વ્યક્તિઓમાં શક્તિ અને એકતાની ભાવના હોય છે! આ લક્ષણોની સાથે, હસ્ત નક્ષત્રની વ્યક્તિઓમાં તેજસ્વિતા, સુંદરતા અને જ્ઞાન પણ હોય છે. હસ્ત નક્ષત્રનો સ્વામી ગ્રહ ચંદ્ર છે. ચંદ્ર એ સુંદરતાનું પ્રતીક પણ કહેવાય છે. હસ્ત નક્ષત્રની વ્યક્તિ શાંત અને મોહક હોય છે.

હસ્ત નક્ષત્ર આલ્ફા, બીટા, ડેલ્ટા, ગામા અને એપ્સીલોન-કોર્વી નામના 5 તારાઓ ધરાવે છે. એપ્સીલોન-કોર્વી આપણે જોઈ શકીએ છીએ કારણ કે તે સ્પાઇકા(તેજસ્વી તારા)ની નીચે સ્થિત છે. હસ્ત નક્ષત્ર કન્યા રાશિમાં 10 ડિગ્રીથી 23ડિગ્રી અને 20 કળા સુધીનું હોય છે. સંપૂર્ણ આકાશ 360 ડિગ્રીનું ગણીએ તો આ નક્ષત્ર આકાશમાં 160 ડિગ્રી થી 173 ડિગ્રી અને 20 કડા જેટલું ફેલાયેલું હોય છે. આ નક્ષત્રના વતનીઓની મુખ્ય વિશેષતાઓ વિચાર, વચન, કાર્યની શુદ્ધતા અને સારો એવો આત્મસંયમ છે. ઉપરાંત, તેઓ સક્રિય અને ખૂબ કોઠાસૂઝ ધરાવનાર હોય છે. આ નક્ષત્રમાં જન્મનાર વ્યક્તિ બુદ્ધિશાળી, લાગણીશીલ, શાંતિપ્રિય, મિલનસાર સ્વભાવના અને વાદવિવાદથી દૂર રહેવાવાળી હોય છે. ઘણી વખત થોડા ગભરુ હોય એવું લાગે છે છતાં પણ સાચું બોલવાવાળા હોય છે. બ્રાહ્મણોની ઈજ્જત કરે છે અને સુખસંપત્તિવાળા હોય છે.

હસ્ત નક્ષત્રની વ્યક્તિનો સ્વભાવ ઠંડો અને શાંત હશે. તે ખૂબ જ મોહક સ્મિત ધરાવે છે જે વિજાતીય વ્યક્તિને સહેલાઈથી આકર્ષે છે. આ સહજ ગુણો અન્યો પર સકારાત્મક અસર કરે છે. એક વાર તેમને જાણ્યા પછી, તેમની અવગણના કરવી મુશ્કેલ છે અને તેઓ સમાજમાં ખૂબ આદરણીય હોય છે. હસ્ત નક્ષત્રની વ્યક્તિ હંમેશાં જરૂરિયાતમંદોને મદદ કરવા માટે તૈયાર રહે છે અને તેઓ કોઈ પણ અપેક્ષા વિના મદદ કરે છે. તે ક્યારેય કોઈને છેતરશે નહીં. જ્યાં સુધી જીવનશૈલીનો સંબંધ છે, તેઓ એક સાદું જીવન જીવે છે કારણ કે તેઓ પોતાની સંપત્તિનો દેખાવ કરવામાં માનતા નથી. આ બધા સકારાત્મક ગુણો હોવા છતાં, તેમને બદલામાં માત્ર ટીકા જ મળે છે પરંતુ તેમની પાસે ધીરજશક્તિ વધારે હોય છે અને તેમને વિશ્વાસ હોય છે કે એક દિવસ તેમના પ્રયત્નોને ફળ મળશે.

હસ્ત નક્ષત્રનું લગ્નજીવન સુખી હોય છે. તેઓ તેમના પાર્ટનર સાથે સારો તાલમેલ સાધીને ચાલે છે. ઘરનું કામ પ્રશંસનીય રીતે કરે છે. કોઈ પણ સામાન્ય સંબંધની જેમ થોડો ઘણો ઘર્ષણ પણ થાય છે પરંતુ બંને સારી સમજણ ધરાવતા હોવાથી, આ સંઘર્ષ ટૂંક સમયમાં જ દૂર થઈ જાય છે. હસ્ત નક્ષત્રની સ્ત્રી કુદરતી રીતે શરમાળ હોય છે. તેણીને વડીલો માટે ખૂબ જ આદર હોય છે. તે સ્પષ્ટવક્તા છે અને તેના શબ્દોની અસર થઈ શકે તેની કાળજી લેતી નથી. આ જ કારણ છે કે કેટલાક સંબંધીઓ તેના વર્તનથી નારાજ થઈ શકે છે. તેમને એક સરળ અને સુસંગત દામ્પત્યજીવનનો આનંદ મળશે તેવી શક્યતા છે. તેનો પતિ સમૃદ્ધ અને સંભાળ રાખનાર હશે. તેણીને તેનાં બાળકોને ઉછેરવામાં આનંદ થશે. સાથે સાથે વ્યક્તિગત કુંડળીનો અભ્યાસ કરવો પણ જરૂરી છે.

અર્થઃ હાથ
આકારઃ હાથના પંજા જેવો
ભગવાનઃ ચંદ્ર
પ્રતીકઃ હાથ અથવા મુઠ્ઠી
દેવતાઃ સવિતા-સૂર્ય
શક્તિ : વ્યક્તિ જે ઈચ્છે છે તે મેળવવાની અને તેને રાખવાની ક્ષમતા
ગણઃ દેવ ગણ
યોગઃ વ્યઘાત
રાશિઃ કન્યા રાશિ
અનુવાદઃ હાથ
નિયંત્રક ગ્રહઃ ચંદ્ર
જાતિઃ પુરુષ
નામના અક્ષરોઃ પૂ,ષ,ણ,ઠ
લકી સ્ટોનઃ મોતી
ખગોળીય નામઃ ડેલ્ટા કોર્વી
ગુણઃ રાજસિક
દોષઃ વાત
ગોત્રઃ અત્રી ઋષિ
પક્ષીઃ ગીધ (કાગડો)
યોનિ/પ્રાણીનું નામઃ માદા ભેંસ (મહિષા)
વૃક્ષઃ વડનું વૃક્ષ
નાડી :આદ્ય
જાપ સંખ્યાઃ 5000
જપ મંત્રઃ ઓમ શ્રી સવિત્રે નમઃ



વ્યવસાય અને સંબંધિત ક્ષેત્રો

હસ્ત નક્ષત્રની વ્યક્તિ વ્યાવસાયિક તરીકે ખૂબ જ શિસ્તબદ્ધ હોય છે. આ વ્યક્તિ સંસ્થાઓનું નેતૃત્વ કરવા સક્ષમ હોય છે. ઉદ્યોગપતિ તરીકે ઝડપથી પ્રગતિ કરે છે. તેમની પાસે સારું શૈક્ષણિક જ્ઞાન હોય છે. ઉત્તમ કોઠાસૂઝ અને સામાન્ય જ્ઞાન પણ હોય છે. એક સારો શ્રોતા હોવાથી સહયોગીઓ વચ્ચેના વિવાદોનું સમાધાન કરવાની ક્ષમતા ધરાવે છે. 30 વર્ષની ઉંમરે પહોંચે તે પહેલાં, તેના જીવનમાં ઘણી અનિશ્ચિતતા હશે પરંતુ 30 થી 42 વર્ષની વય વચ્ચેનો સમયગાળો વ્યાવસાયિક અને વ્યક્તિગત બંને રીતે સૌથી ભાગ્યશાળી સમય હશે. 64 વર્ષની ઉંમર પછી હસ્ત નક્ષત્રનો વતની પોતાની વાણીથી આર્થિક રીતે આગળ વધશે. સાથે સાથે વ્યક્તિગત કુંડળીનો અભ્યાસ કરવો પણ જરૂરી છે.

સામાન્ય રીતે, એવું જોવામાં આવ્યું છે કે આ નક્ષત્રમાં જન્મનાર મહિલાઓ કામ કરતી નથી કારણ કે ઘરની કોઈ આર્થિક મજબૂરી નથી, તેના પતિ અને સાસરિયાઓ સારી રીતે જીવે છે. જો કે, જ્યારે તેણીના લગ્ન ખેડૂત પરિવારમાં કરવામાં આવે ત્યારે તે ખેતરોમાં ખેડૂત તરીકે અને

**આ નક્ષત્રમાં જન્મનાર વ્યક્તિ બુદ્ધિશાળી, લાગણીશીલ, શાંતિપ્રિય, મિલનસાર સ્વભાવની અને વાદવિવાદથી દૂર રહેવાવાળી હોય છે**

ઘરકામ કરે છે. આ નક્ષત્રમાં જન્મનાર વ્યક્તિ સારા સેલ્સમેન બને છે. ફરી ફરીને વેચાણ કરવું, કમિશન એજન્ટનું કામ કરવું, ઈમ્પોર્ટ એક્સપોર્ટ, ઠંડાં પીણાં સંબંધિત કામ કરવું, કાપડની દલાલી કરવી, tours and travelling, ડિઝાઈનિંગનું કામ કરવું વગેરેમાં એમને શુભ ફળ મળે છે.

આ એક લઘુ એટલે કે શિપ્ર નક્ષત્ર છે અને આ નક્ષત્રમાં નવો વેપાર શરૂ કરવાથી શુભ ફળ મળે છે. આ નક્ષત્રમાં દવા બનાવવાથી, નવાં ઘરેણાં બનાવવાથી, કલાકૃતિનું કામ કરવાથી, શિલ્પકળા, ખેતીનું કામ, વાવેતર કરવું, ઘોડા ખરીદવાથી,ગાય-ભેંસ ખરીદવાથી અને બાગબગીચાના કામ, વાહન ખરીદવાથી, વાહન વેચવાથી, નવા માણસ સાથે દોસ્તી કરવાથી અને નવા સંબંધો બાંધવાથી પણ શુભ ફળ મળે છે. આ તિર્યક મુખ અને કાણું નક્ષત્ર છે. આ નક્ષત્રમાં પ્રવાસના કામ પણ કરવામાં આવે છે. આ નક્ષત્રમાં ચાંદીના પાયે જન્મનાર વ્યક્તિને શુભ ફળ મળે છે. આ નક્ષત્રમાં મંડપ મુહૂર્ત ,બાળકને નિશાળે બેસાડવું, સગાઈનું મુહૂર્ત, લગ્નનું મુહૂર્ત આપવામાં આવે છે આ એક શુભ નક્ષત્ર છે. પુત્રવધૂના ગ્રહ પ્રવેશ માટે પણ હસ્ત નક્ષત્ર સારું છે. નવો વેપાર શરૂ કરવા માટે નવી દુકાન ખોલવા માટે નવા વેપારની મીટીંગો કરવા માટે આ નક્ષત્ર શુભ રહે છે. ગર્ભ ધારણ કરવા માટે પણ આ નક્ષત્ર શુભ છે. આ એક મંદ લોચન કે કાણું નક્ષત્ર હોવાથી આ નક્ષત્રમાં ખોવાયેલી કે ચોરાયેલી વસ્તુઓ વધુ મહેનત કરવાથી મળે તો મળે, નહીં તો નહીં મળે. મોટેભાગે ખોવાયેલી કે ચોરાયેલી વસ્તુ પશ્ચિમ દિશામાંથી અથવા દક્ષિણ દિશામાંથી મળે છે અથવા તો આ વસ્તુ બીજાના હાથમાં ચાલી ગઈ છે. આ નક્ષત્રમાં બીમાર પડેલ વ્યક્તિ 15 દિવસ પછી સારી થાય છે. આ નક્ષત્રમાં નવાં કપડાં પ્રથમ વાર પહેરવાથી શુભ ફળ મળે છે. હસ્ત અને ક્ષેત્રમાં જ્યારે જ્યારે પણ સૂર્યનું ગોચર ભ્રમણ થાય છે ત્યારે ગોળ અને ખાંડના ભાવોમાં તેજી આવે છે.

## આરોગ્ય અને સુખાકારી

હસ્ત નક્ષત્રની વ્યક્તિને ખાસ કરીને બદલાતા હવામાન દરમિયાન વારંવાર ઉધરસ અને શરદી થવાની સંભાવના છે. તેણે ધ્યાન રાખવું જોઈએ કે તેને અસ્થમા ન થાય. હસ્ત નક્ષત્રની સ્ત્રી તંદુરસ્ત અને હોંશિયાર હોય છે પરંતુ તેમના જીવનના પછીના તબક્કામાં હાઈ બ્લડ પ્રેશર અને અસ્થમા જેવી નાની સમસ્યાઓનો ભોગ બને છે.

હર્ષ નક્ષત્રની ઘણી વ્યક્તિઓને માથાનો દુખાવો અને ન્યૂરોલોજીની સમસ્યા પણ થઈ શકે છે. ઘણાં લોકોની મનોવૃત્તિ અસ્થિર હોય છે અને આંતરડાની તકલીફ પણ થઈ શકે છે. પેટમાં ઉત્પન્ન થતાં પાચક રસો પર આ નક્ષત્રનો અમલ રહેલો છે.

હસ્ત નક્ષત્ર 1 ચરણ : હસ્ત નક્ષત્રનું પ્રથમ ચરણ મંગળ દ્વારા શાસિત મેષ નવમાંશમાં આવે છે. તે ઊર્જાનો અતિરેક દર્શાવે છે અને પ્રવૃત્તિઓમાં નિષ્ણાત બનાવે છે.

હસ્ત નક્ષત્ર 2 ચરણ - આ ચરણ શુક્ર દ્વારા શાસિત વૃષભ નવમાંશમાં આવે છે. અહીં વ્યક્તિ વ્યવહારિકતા અને ભૌતિક આનંદ પર ધ્યાન આપે છે. આ વ્યક્તિઓ પ્રામાણિક હોય છે.

હસ્ત નક્ષત્ર ત્રીજું ચરણ- આ ચરણ બુધ દ્વારા શાસિત મિથુન નવમાંશમાં આવે છે. આ ચરણ બિઝનેસમેન અને પ્રોફેશનલ્સનું છે. આ વ્યક્તિઓ ખૂબ જ બુદ્ધિશાળી અને હોંશિયાર હોય છે.

હસ્ત નક્ષત્ર 4 ચરણ- આ ચરણ ચંદ્ર દ્વારા શાસિત કર્ક નવમાંશમાં આવે છે. અહીં કુટુંબમાં સુમેળ અને ભૌતિક સુરક્ષા પર વ્યક્તિ ખૂબ ધ્યાન આપે છે.

લાલ બહાદુર શાસ્ત્રી, સ્વામી વિવેકાનંદ, નાના પાટેકર અને લીયોનાડો ડીકેપીઓ વગેરે ફેમસ વ્યક્તિઓનો જન્મ પણ હસ્ત નક્ષત્રમાં થયો છે. એમના જન્મ સમયે ચંદ્ર હસ્ત નક્ષત્રમાં હતો.